દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ

ગુરુવાર ૨૫ એપ્રિલ, ૨૦૨૪

અમેરિકામાં વારસાગત કરના મુદ્દાએ ભારતમાં ચૂંટણી પ્રચારમાં ભારે વિવાદ ઊભો કર્યો

જે ભારતમાં ટેલિકોમ ક્ષેત્રે ક્રાંતિ લઈ આવ્યા હતા તેવા કોંગ્રેસના આગેવાન અને ઈન્ડિયન ઓવરસિઝ કોંગ્રેસના પ્રમુખ સામ પિત્રોડાએ લોકસભાની ચૂંટણી વચ્ચે જ અમેરિકાની જેમ ભારતમાં પણ વારસાગત ટેક્સ માટે સરવે કરવાની વાત કરીને નવા જ વિવાદને જન્મ આપ્યો છે. ભાજપ સામ પિત્રોડાના આ નિવેદનનો રાજકીય લાભ લેવા માટે તૂટી પડી છે અને સામે કોંગ્રેસે આ મામલે બેકફુટ પર આવવું પડ્યું છે.

સામ પિત્રોડાની ગણના ઈન્ટેલિજન્ટ વ્યક્તિ તરીકે થાય છે ત્યારે ચૂંટણી ટાણે જ તેમણે કરેલા રાજકીય બફાટની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. અમેરિકામાં લાગુ પડતા આ વારસાગત ટેક્સની સિસ્ટમ, આમ જોવા જઈએ તો જે તે દેશ માટે સારી જ છે અને જે તે પરિવાર માટે ખરાબ છે. ભારતમાં લોકસભાની ચૂંટણીમાં આ મુદ્દાની શું અસર થશે તે કહેવું અત્યારે મુશ્કેલ છે પરંતુ સાથે સાથે આ વારસાગત ટેક્સ શું છે તે જાણવું પણ જરૂરી છે.

યુએસમાં વારસાગત કર એ એક એવો કર છે કે જે મૃત વ્યક્તિની મિલકત પર લાદવામાં આવે છે. જેમાં મૃતકની સંપત્તિનો કેટલોક ભાગ તેના વંશજોને મળે છે અને કેટલોક ભાગ ટેક્સ સ્વરૂપે સરકારને મળે છે. અમેરિકામાં આખા દેશમાં આ કર નથી પરંતુ ત્યાં છ જેટલા રાજ્યોમાં આ કર લાદવામાં આવ્યો છે.

મરનાર ક્યાં રહેતો હતો અને તેની મિલકતના વારસદારો સાથે તેના કેવા સંબંધ હતા તેના આધારે આ કર નક્કી કરવામાં આવે છે. જે છ રાજ્યોમાં આ કર લાગુ પાડવામાં આવ્યો છે તેમાં ન્યુજર્સી, પેન્સિલવેનિયા, મેરીલેન્ડ, આયોવા, કેન્ટુકી અને નેબ્રાસ્કાનો સમાવેશ થાય છે. રાજ્ય પ્રમાણે આ વારસાગત કર અલગ અલગ છે. આયોવા રાજ્યમાં આગામી વર્ષ 2025થી આ કર નાબૂદ કરવાની પ્રક્રિયા પણ હાલમાં ચાલી રહી છે. ઘણા કેસમાં આ કરમાંથી મુક્તિ પણ આપવામાં આવે છે. કેટલાક રાજ્યોમાં આ કર તેની કુલ સંપત્તિ અને રોકડ મૂલ્યના એક ટકાથી પણ ઓછો છે. જ્યારે કેટલાક રાજ્યોમાં તે 20 ટકા સુધી છે.

ન્યુજર્સીમાં વારસાગત કર 11થી 16 ટકા છે પરંતુ મૃતકના જીવનસાથી, બાળકો, માતાપિતા, દાદા-દાદી, પૌત્ર-પૌત્રીઓને આ કરમાંથી મુક્તિ આપવામાં આવી છે.મૃતકના ભાઈ-બહેનને અથવા પુત્ર-પુત્રવધુને મિલકત ટ્રાન્સફર કરવામ માટે 25 હજાર ડોલર સુધીની છૂટ પણ આપવામાં આવી છે. પેન્સિલવેનિયામાં વારસાગત કર અલગ અલગ છે. ત્યાં 3500 ડોલરથી વધુની મૂલ્યની મિલકતો હોય તો તેના પર તમામ પ્રકારના વારસાગત કર લાગે છે.

મૃતકના માતા-પિતા, બાળકો અને દાદા-દાદી પર મિલકતની સામે 4.5 ટકા ટેક્સ લાગે છે. જ્યારે ભાઈ-બહેન અને બાકીના વારસદારોએ 15 ટકા ટેક્સ ચૂકવવાનો રહે છે. 21 વર્ષથી ઓછી ઉંમરના વારસદારોએ કોઈ ટેક્સ ચૂકવવાનો રહેતો નથી. નેબ્રાસ્કા રાજ્યમાં વારસા પ્રમાણે કર બદલાય છે. મૃતકના માતા-પિતા, બાળકો, દાદા-દાદી, ભાઈ-બહેનએ 1 લાખ ડોલરથી વધારેની મિલકત હોય તો તેની પર 1 ટકા ટેક્સ ચૂકવવાનો રહે છે.

જ્યારે કાકા-કાકી, ભત્રીજા-ભત્રીજીઓએ 40 હજાર ડોલરથી વધુની સંપત્તિ પર 11 ટકા ટેક્સ ચૂકવવાનો રહે છે. અન્ય વારસદારોએ 25 હજાર ડોલરથી વધારે સંપત્તિ હોય તો તેની પર 15 ટકાનો ટેક્સ ચૂકવવાનો રહે છે. 22 વર્ષથી ઓછી ઉંમરના તમામ પ્રકારના વારસદારોએ કોઈ જ ટેક્સ ચૂકવવાનો રહેતો નથી.

મેરીલેન્ડ રાજ્યમાં 1 હજાર ડોલરથી વધુની સંપત્તિ હોય તો વારસદારોએ 10 ટકા કર ચૂકવાનો રહે છે. જેમાં મૃતકના જીવનસાથી, બાળકો, દાદા-દાદી, માતા-પિતા, ભાઈ-બહેન, પૌત્ર-પૌત્રી કે પછી સખાવતી સંસ્થાઓને આ કરમાંથી મુક્તિ આપવામાં આવી છે. આયોવા રાજ્યમાં 1થી 4 ટકા સુધીનો વારસાગત કર વસૂલવામાં આવે છે.

મૃતકના લોહીના સંબંધીઓએ કર ચૂકવવાનો રહેતો નથી પરંતુ જો મૃતક અન્ય કોઈને વારસદાર બનાવે તો તેણે ટેક્સ ચૂકવવાનો રહે છે. કેન્ટુકી રાજ્યમાં મૃતકના સંબંધના આધારે વારસાગત કર નક્કી કરવામાં આવે છે. 1 હજાર ડોલરથી વધુની સંપત્તિ હોય તો 4થી 16 ટકાનો કર નિયત કરાયો છે. આખા અમેરિકામાં આ વારસાગત કર લાગુ પડતો નથી પરંતુ ભારતમાં વારસાગત કરના મામલે હવે રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે.

વારસાગત કરનો આ મુદ્દો હવે કયો રંગ પકડશે તે આગામી દિવસોમાં ચૂંટણી પ્રચારમાં ખબર પડશે પરંતુ વારસાગત કરનો મામલો હાઈલાઈટ જરૂર થઈ ગયો છે. સાથે સાથે વડાપ્રધાન મોદી સહિતના ભાજપના આગેવાનો તેનો રાજકીય લાભ લેવા માટે ભાષણમાં આ મુદ્દાને રજૂ કરી રહ્યા છે.

બીજી તરફ કોંગ્રેસના આગેવાનો દ્વારા તેનો બચાવ પણ કરવામાં આવી રહ્યો છે. ભારતમાં જે રીતે વારસાગત સંપત્તિ મળે છે તે જોતાં ભારતમાં આ કાયદો આવે તેવી કોઈજ સંભાવના નથી. હાલમાં ચૂંટણી ચાલી રહી હોવાથી તેનો રાજકીય લાભ લેવા માટે પ્રયાસો થશે પરંતુ વારસાગત કર થકી સરકારને લાભ થઈ રહ્યો છે ત્યારે આગામી દિવસોમાં ભારતમાં જે તે સરકાર પણ વારસાગત કર લઈને આવે તો નવાઈ નહીં હોય.

પલભર કે લિયે કોઈ હમેં ‘પ્યાર’ કર લે! જૂઠા હી સહી

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

કે.એલ.એમ. અને પંતજલિની જાહેર ખબર બાબતે કે અદાલતે આ કંપનીઓનો કાન આમળ્યો અને તેમના દાવાઓ જૂઠા હોવાનું ઉઘાડેછોગ જણાવ્યું. કોર્પોરેટ દૈત્યનો કોઈ કાન આમળી શકે છે

“ઉડ્ડયનનાં સો વર્ષ અમારા માટે એક મોટી જવાબદારી સમાં બની રહ્યાં છે. કેમ કે, તમે ઈચ્છો છો કે આપણાં સંતાનો પણ આ સુંદર વિશ્વને નિહાળે, ખરું ને? આથી અમે આગામી સો વર્ષ લગી ઉડ્ડયનની સુધારણા માટે દિવસરાત મથી રહ્યા છીએ. આપણે સાથે મળીને જ એને સંભવ બનાવી શકીએ. આથી અમે તમને કંઈક પૂછવા માગીએ છીએ. વધુ જવાબદારીભર્યા ઉડ્ડયન માટે, શું તમારે રૂબરૂ મળવું જરૂરી છે? વિમાનને બદલે તમે ટ્રેનમાં જઈ શકો? અંગારવાયુના ઉત્સર્જનને સરભર કરવામાં તમે કંઈક પ્રદાન આપી શકો? કે હળવા સામાન સાથે મુસાફરી કરી શકો? વર્તમાન વિશ્વમાં સૌ પ્રથમ વ્યાપારી એરલાઈન તરીકે હવાઈયાત્રાના આપ સૌ મુસાફરોને અમે સાગમટે પ્રયત્નો માટે, વિશ્વને જાગ્રત કરવાની આપણી સહિયારી જવાબદારીમાં અમારી સાથે જોડાવા માટે આમંત્રીએ છીએ. આપણે સૌએ અવારનવાર હવાઈ મુસાફરી કરવાની થાય છે. પણ હવે પછી જવાબદારીભર્યા ઉડ્ડયન બાબતે વિચારજો.”

આવો શાણપણયુક્ત સંદેશ નેધરલેન્ડ્સની એરલાઈન ‘કે. એલ.એમ.’ દ્વારા, 2019માં તેનાં સો વર્ષ સંપન્ન કરવા નિમિત્તે બનાવાયેલી એક જાહેરાતમાં કહેવાયો હતો. આ જાહેરખબરમાં સ્વાભાવિકપણે જ ઊડતાં વિમાન બતાવાયાં છે અને છેલ્લે એવું દર્શાવાયું છે કે આ જાહેરાત સાચાં વિમાનો બતાવીને નહીં, પણ કમ્પ્યુટરના પડદે આભાસી દૃશ્યો સર્જીને દેખાડાયાં છે. જાહેરખબરના અંતે એ મતલબનું લખાણ મૂકાયું છે કે આ ફિલ્મમાં વાસ્તવિક વિમાનોનો ઉપયોગ કરાયો નથી.

આ જાહેરખબરીય ઝુંબેશનું શીર્ષક હતું ‘ફ્લાય રિસ્પોન્સીબલી.’ (જવાબદારી સમજીને ઉડ્ડયન કરો) તેને અનુરૂપ વહેતો મૂકાયેલો સંદેશો જાણીને આનંદ થાય એવું છે. જાહેરખબરમાં જણાવાયેલી બાબતોને યથાતથ સાચી માની લેવાનું ભોળપણ કરનારાનું પ્રમાણ જૂજ હોય છે, છતાં એ હકીકત છે કે જાહેરખબર પ્રભાવ અવશ્ય છોડે છે. નેધરલેન્ડ્સની આ કંપનીને એ જ દેશની અદાલતે તેની આ જાહેરખબર ગેરમાર્ગે દોરતી હોવાનો માર્ચ, 2024માં ચુકાદો આપવો પડ્યો છે. તેને લઈને આ કંપની સમાચારમાં ચમકી છે.

આખો ઘટનાક્રમ જાણવા જેવો છે. 1919માં આરંભાયેલી આ એરલાઈને 2019માં સો વર્ષ સંપન્ન કર્યાં. એ નિમિત્તે તેના દ્વારા તૈયાર કરાયેલી જાહેરખબરમાં આ ઉદ્યોગ સાથે સંકળાયેલા સહુ કોઈ એટલે કે એરલાઈન હિસ્સેદારો, ગ્રાહકો તેમજ કર્મચારીઓને આ ઉદ્યોગના ‘સસ્ટેનેબલ’ ઉકેલ વિકસાવવા માટે સંયુક્ત પ્રયત્નો કરવાનું આહ્વાન કર્યું. ‘સસ્ટેનેબલ ડેવલપમેન્ટ’નો અર્થ આમ તો સાતત્યપૂર્ણ વિકાસ થાય, પણ પર્યાવરણ સંદર્ભે તેનો અર્થ થાય છે ભાવિ પેઢીની જરૂરિયાત જોખમાય નહીં એ રીતે વર્તમાનની જરૂરિયાત પૂરી કરવી. આ શબ્દપ્રયોગ પર્યાવરણ ક્ષેત્રે ખૂબ ચલણી છે. વૈશ્વિક સ્તરે થતા અંગારવાયુના ઉત્સર્જનનો 2 ટકા હિસ્સો ઉડ્ડયનક્ષેત્રનો છે.

સામાન્ય રીતે વિવિધ સુવિધાઓ અને આકર્ષક ભાડાં દ્વારા ગ્રાહકોને આકર્ષતી એરલાઈનની જાહેરખબરની સામે કોઈ એરલાઈન પોતાના ગ્રાહકને જરૂર હોય તો જ વિમાની સેવાનો ઉપયોગ કરવાનું જણાવે ત્યારે સૌ પહેલાં તો તેનો જાહેરખબરનો અંદાજ અન્યોથી અલગ પડે છે, જે જાહેરખબરના ક્ષેત્રની મૂળભૂત જરૂરિયાત છે.

આમ તો, સાવ ‘નવીન’ દૃષ્ટિકોણથી પોતાની વાત મૂકવા બદલ જાહેરખબરની પ્રશંસા થાય અને એ લોકોનું ધ્યાન આકર્ષે એટલે વાત પૂરી થઈ ગઈ ગણાય. પણ 2022માં આ જ દેશના ‘ફોસિલ ફ્રી’ નામના પર્યાવરણ જાગૃતિ માટે કામ કરતા એક સંગઠને કે.એલ.એમ. સામે દાવો માંડ્યો અને જણાવ્યું કે આ જાહેરાત ગેરમાર્ગે દોરનારી છે. કોઈ કંપનીની જાહેરખબરમાં કહેણી અને વાસ્તવિક કરણી અલગ હોય એના માટે અંગ્રેજીમાં ‘ગ્રીનવૉશિંગ’ શબ્દ છે. પર્યાવરણની સુરક્ષા અને જાળવણી બાબતે મોટે મોટા દાવા કરાતા હોય, પણ વાસ્તવમાં કામ સાવ નહીંવત્ થઈ રહ્યું હોય એના માટે આ શબ્દપ્રયોગ ઉપયુક્ત છે. ‘ફોસિલ ફ્રી’ સંગઠને કે.એલ. એમ. આવું ‘ગ્રીનવૉશિંગ’કરી રહી હોવાનું દાવામાં જણાવ્યું હતું. બે વર્ષની અદાલતી કાર્યવાહી પછી આખરે અદાલતે કંપનીના દાવાને ‘ગેરમાર્ગે દોરનારો અને તેથી ગેરકાયદે’ હોવાનો ચુકાદો આપ્યો. અદાલતે જણાવ્યું કે કંપનીએ આ દાવા દ્વારા વધુ પડતું ગુલાબી ચિત્ર ઉપસાવ્યું હતું.વાસ્તવમાં આવાં પગલાંથી પર્યાવરણ પર થતી વિપરીત અસરમાં મામૂલી ઘટાડો થાય છે અને લોકોમાં એવી છાપ ઉપસે છે કે આ કંપનીના વિમાનમાં ઉડ્ડયન કરવું એટલે ‘સસ્ટેનેબલ ડેવલપમેન્ટ’ની દિશામાં પગલું ભરવું.

સાદી ભાષામાં કહીએ તો આખરે તો આ ગ્રાહકોને આકર્ષવાના ગતકડાંથી વિશેષ કંઈ નથી. સ્વાભાવિકપણે જ ‘ફોસિલ ફ્રી’ સંગઠનને આ ચુકાદાથી આનંદ થયો હોય અને તે એને મોટા પ્રદૂષક દ્વારા કરાતા ‘ગ્રીનવૉશિંગ’ પરનો વિજય ગણાવે. પણ ચુકાદાની સાથે સંકળાયેલી મહત્ત્વની બાબત એ છે કે અદાલતે આ સંગઠનને થયેલો તમામ ખર્ચ ભરપાઈ કરવાની સૂચના કંપનીને આપી હોવા છતાં કંપનીને બીજી કશી શિક્ષા કરી નથી.

કે.એલ.એમ.ને તો શૂળીનો ઘા સોયથી સર્યા જેવી સ્થિતિ છે. ચુકાદા પછીના નિવેદનમાં તેણે એવી જ શાણી વાતો કરી છે, જેવી અગાઉની જાહેરખબરમાં કરી હતી.

ઘરઆંગણે આપણા દેશમાં આવું જ કંઈક બન્યું છે, જેમાં કંપની અલગ છે, પણ અદાલતી કાર્યવાહી સમાન. બાબા રામદેવની કંપની ‘પતંજલિ’ દ્વારા કરાયેલો વિવિધ રોગ મટાડવાનો દાવો ‘જૂઠો અને ભ્રામક’ હોવાનું જણાવીને આપણી સર્વોચ્ચ અદાલતે કંપનીની ઝાટકણી કાઢી, પણ તેને કશી સજા ન કરી.

બેય કિસ્સે સરવાળે છેતરાવાનું ગ્રાહકોના ભાગે આવ્યું, જેમણે જે તે કંપનીના દાવામાં ભરોસો રાખીને તેની પાછળ નાણાં ખર્ચ્યાં. આની સામે દલીલ એવી થઈ શકે કે ગ્રાહક પોતાનાં નાણાં આ નહીં તો બીજી કોઈ કંપની પાછળ ખર્ચત.

બેય મામલે આશ્વાસન એટલું કે અદાલતે આ કંપનીઓનો કાન આમળ્યો અને તેમના દાવાઓ જૂઠા હોવાનું ઉઘાડેછોગ જણાવ્યું. કોર્પોરેટ દૈત્યનો કોઈ કાન આમળી શકે છે એટલું આશ્વાસન ઓછું છે? ભલે ને તેનાથી કશો ફરક ન પડે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

સંતોષનો અતિરેક

અતિ સર્વત્ર વર્જયેત્ શાસ્ત્ર કહે છે.સારી હોય કે ખરાબ કોઇ પણ બાબતનો અતિરેક નુકસાનકારક નીવડે છે. ‘અતિ ભલા નહીં બોલના ,અતિ ભલી નહીં ચૂપ ,અતિ ભલા નહીં બરસના ,અતિ ભલી નહીં ધૂપ

એક દિવસ એક સાધુ ફરતાં ફરતાં એક ગામના પાદરે પહોંચ્યા.બહુ ચાલ્યા હતા અને બહુ તડકો હતો એટલે તરસ લાગી હતી.તેમણે આજુબાજુ નજર ફેરવી. થોડે દૂર એક ઉજ્જડ વાડી દેખાઈ.સાધુ વાડી સુધી પહોંચ્યા.જોયું તો વાડી ઘણી વિશાળ હતી, પણ કશું બરાબર વાવેતર કરેલું ન હતું. વાડીમાં એક ખૂણામાં એક નાનકડું ભાંગ્યું તૂટ્યું ઘર હતું.તેમાં બે ભાઈઓ પોતાના પરિવાર સાથે રહેતા હતા. સાધુએ ત્યાં જઈને પાણી માંગ્યું.મોટા ભાઈની પત્નીએ નમન આવકાર આપ્યો.નાના ભાઈની પત્ની પાણી લઇ આવી.મોટા ભાઈએ સાધુને થોડો વિશ્રામ કરી ભોજન કરી આગળ જવા વિનંતી કરી.સાધુએ સ્વીકાર કર્યો.આરામ કરતાં સાધુએ પૂછ્યું, ‘તમારી વાડી ઘણી વિશાળ છે પણ કઈ વાવેતર કેમ નથી કર્યું? શું પાણીની તકલીફ છે?’ નાના ભાઈએ કહ્યું, ‘ના, ના, અમારી વાડીમાં તો બે કૂવા છે અને પાણીથી ભરપૂર છે. પાણીની કોઈ તકલીફ નથી.’ સાધુએ કહ્યું, ‘તો પછી વાડીમાં



વાવેતર કેમ નથી કર્યું?’ મોટા ભાઈએ કહ્યું, ‘અમારી પાસે બે ભેંસ છે, જે ઘણું દૂધ આપે છે.તે વેચીને અમારો ગુજારો થઈ રહે છે.રહેવા ઘર છે.પછી બીજું જોઈએ શું? એટલે ખોટી મહેનત શું કામ કરવી.’ સાધુએ જોયું કે વિશાળ વાડી વાવેતર વિનાની હતી,ઘર ભાંગ્યું તૂટ્યું હતું.ઘરમાં કોઈ સુવિધા ન હતી.પત્ની અને બાળકોએ ફાટેલાં કપડાં પહેર્યાં હતાં.સાધુ સમજી ગયા કે આ બે ભાઈઓ સંતોષનો અતિરેક કરી મહેનત કરવાથી દૂર ભાગી, બે ભેંસના દૂધની આવક પર બેઠા બેઠા જીવે છે. સાધુએ કહ્યું, ‘તમને વંધો ન હોય તો હું બહુ થાકી ગયો છું.તો રાત અહીં વિશ્રામ કરી સવારે જઈશ તો ચાલશે?’ બંને ભાઈઓએ ખુશીથી હા પાડી.રાત્રે બધા સૂઈ ગયા એટલે સાધુ બે ભેંસને સાથે લઈને જતા રહ્યા. ઘણે દૂર બીજા ગામમાં ભેંસને બે ગરીબ કુટુંબોને આપી દીધી.આ બાજુ ભાઈઓ ઊઠ્યા. જોયું કે બંને ભેંસ અને સાધુ ગાયબ હતાં.હવે શું કરવું? શોધખોળ કરી, કંઈ ભાળ ન મળી.હવે કંઈ આવક રહી નહિ.પરિવારને પાળવા પોષવા બે ભાઈઓએ વાડીમાં કામ કરવાની શરૂઆત કરી.જુદા જુદા ફળના ઝાડ ઉગાડ્યાં.પાકનું વાવેતર કર્યું.ઘણા પૈસા મળવા લાગ્યા.પરિસ્થિતિ સુધરી.મકાન બરાબર બંધાવ્યું.સુખ જ સુખ મળી ગયું.બે વર્ષ પછી સાધુ આવ્યા.વાડી લીલીછમ હતી.ફળોના વૃક્ષો અને પાક લહેરાતો હતો.સાધુએ કહ્યું, ‘હું જ તમારી બે ભેંસ લઇ ગયો હતો અને મેં ગરીબ પરિવારને આપી દીધી હતી.તમે અતિ સંતોષના પડદા પાછળ આળસુ બની ગયા હતા અને વાડી અને પાણી હોવા છતાં કામ કરી પ્રગતિ કરતા ન હતા.જીવનમાં સંતોષ જરૂરી છે પણ અતિ સંતોષ રાખી આળસ કરવું ખોટું છે.’

વીતેલા યુગના આતતાયીઓનો વર્તમાન અવતાર કોણ?

વાત પાછળની વાત

રમેશ ઓઝા

કેન્દ્રના ડેરીવિકાસ અને પશુપાલન ખાતાના પ્રધાન તેમ જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિશ્વાસુ ગણાતા પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિયો વિષે એક વાત કરી, જેને કારણે વિવાદ જાગ્યો છે. તેમણે કહ્યું હતું કે ભારતમાં જ્યારે મુસલમાનોનું અને અંગ્રેજોનું રાજ હતું ત્યારે ક્ષત્રિયોએ સમાધાનો કર્યાં હતાં. તેમને મદદ કરી હતી અને કેટલીક વાર તો રાજ ટકાવી રાખવા સાટામાં દીકરી પણ પરણાવી હતી. તેમણે વળી એમ પણ કહ્યું હતું કે તેમણે એટલે કે પટેલોએ સમાધાનો કર્યાં નહોતાં. રૂપાલા સાહેબના આ નિવેદનથી ક્ષત્રિયો નારાજ થયાં છે.

આ ભારત છે અને ભારતમાં “અમે” અને “તમે”ની ભાષામાં વાત કરવામાં ન આવે એવું તો ભાગ્યે જ બને અને વળી રૂપાલા સાહેબ જે વૈચારિક પરિવારમાંથી આવે છે ત્યાં તો અમે અને તમે ગળથુથીમાં શીખવાડવામાં આવે છે.

અહીં ક્ષત્રિયોનો બચાવ કરવાનો ઈરાદો નથી. કોઈ કોમ આખેઆખી શ્રેષ્ઠ હોય અને કોઈ કોમ આખેઆખી અધમ હોય એવું બનતું નથી. વ્યક્તિ સારી કે નઠારી હોય છે. જે તે સમયે અંગત સ્વાર્થ જોઈને કે પછી ડરીને જે તે લોકોએ સમાધાનો કર્યાં હતાં તો એને માટે આખી કોમ જવાબદાર નથી હોતી. બીજું, રાષ્ટ્ર અને રાષ્ટ્રવાદ હમણાંની વિચારધારા છે અને તેને ઈતિહાસમાં થયેલાં પાત્રો અને ઘટનાઓ પર માથે મારવામાં આવે એ બરોબર નથી. તેમણે જ્યારે નિર્ણયો લીધા ત્યારે નહોતું તમારું રાષ્ટ્ર અને નહોતો રાષ્ટ્રવાદ. તેમણે પોતાનો સ્વાર્થ, પોતાની શક્તિ અને પોતાની મર્યાદા જોઈને નિર્ણય લીધા હતા. ૧૮૫૭ના વિદ્રોહ વખતે અનેક હિંદુ રાજવીઓએ અંગ્રેજોને મદદ કરી હતી. ગ્વાલિયરના સિંધિયા આમાં અગ્રેસર હતા અને તેમનાં વારસ બે પેઢીથી હિંદુ રાષ્ટ્રના પુરસ્કર્તાઓ છે. રાજમાતા વિજયા રાજે સિંધિયા ભાજપનાં ઉપાધ્યક્ષ હતાં, તેમની પુત્રી વસુંધરા રાજે રાજસ્થાનનાં મુખ્ય પ્રધાન હતાં અને જ્યોતિરાદિત્ય સિંધિયા પરમ હિંદુ રાષ્ટ્રવાદી પક્ષ ભાજપમાં છે. આવા તો બીજા અનેક દાખલાઓ આપી શકાય. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ કંપની સરકારને કહ્યું હતું કે તેમના દત્તક પુત્રને વારસદાર તરીકે માન્યતા આપવામાં આવે. જો કંપની સરકારે લક્ષ્મીબાઈના દત્તક પુત્રને વારસદાર તરીકે માન્યતા આપી હોત તો કદાચ ઝાંસીની લડાઈ થઈ ન હોત. તેમના શૌર્યને સો સો સલામ, પણ તેમની લડાઈ અંગત હતી, તેને રાષ્ટ્ર અને રાષ્ટ્રવાદ સાથે કોઈ લેવાદેવા નહોતી.

બીજું, જેને ગુમાવવાનું હોય અથવા લાભ મળે એમ હોય એ સમાધાનો કરે કે ડરે. જેને કાંઈ ગુમાવવાનું જ ન હોય કે લાભ નજરે પડતો ન હોય એને ડરવાનો કે સમાધાનો કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. એ યુગમાં અમે સમાધાનો નહોતાં કર્યાં એમ જ્યારે રૂપાલા સાહેબ કહે છે તો ત્યારે કણબીઓ, પાટીદારો અને બીજી પ્રજાઓ ખેતી કરતી હતી અથવા ખેતમજૂરી કરતી હતી. તેમની પાસે ત્યારે એવું કશું જ નહોતું કે સમાધાનો કરવાં પડે કે ડરવું પડે. પણ અત્યારે? અત્યારે લાભ લેવા માટે પટેલો અને બીજાઓ સમાધાનો નથી કરતા? ડરીને નથી જીવતા? પત્રકારો, કટારલેખકો, કહેવાતા બૌદ્ધિકો, ન્યાયમૂર્તિઓ, સરકારી અધિકારીઓ, કેળવણીકારો, માસ્તરો, ધર્મગુરુઓ જે પ્રમાણમાં ડરીને સમાધાનો કરી રહ્યાં છે અથવા વેચાઈ રહ્યાં છે એ લોકો શું ક્ષત્રિય છે અથવા વિદેશી કુળનાં છે? અને બીજું, કોણ ડરાવે છે? કોણ ખરીદે છે? કોણ સમાધાનો કરવા મજબૂર કરે છે? વીતેલા યુગના આતતાયીઓનો વર્તમાન અવતાર કોણ છે? પુરુષોત્તમ રુપાલાને આ પ્રશ્ન પૂછવો જોઈએ.

ઉપર કહ્યું એમ આખેઆખી કોમ સારી કે ખરાબ હોતી નથી, પણ આખેઆખી વિચારધારા સારી કે ખરાબ હોઈ શકે. એમાં માનનારાઓ લગભગ એકસરખાં લક્ષણો ધરાવતાં હોય એવું બને. આપણે ડરવાની કે સમાધાનો કરવાની રૂપાલા સાહેબની જ વાત આગળ વધારીએ. દેશપ્રેમથી પ્રેરાઈને દેશને આઝાદ કરવા જ્યારે લોકો સમાધાનો કર્યા વિના નિર્ભયતાપૂર્વક જાનની બાજી લગાડતા હતા, ખપી જતા હતા, પોતાનું સર્વસ્વ હોમી દેતા હતા ત્યારે, એ ખરાખરીના યુગમાં રૂપાલા સાહેબના વૈચારિક પરિવારનાં લોકો એટલે કે હિન્દુત્વવાદીઓ ક્યાં હતા? કોણે ત્યાગ કર્યો? કોણે હિંમત બતાવી? કોણે જેલ વેઠી? કોણ શહીદ થયું? એક નામ તો બતાવો. ઉલટું જેલમાંથી છૂટવા ઉપરાઉપરી માફીઓ માગી. આઝાદીનાં આંદોલનોમાં ભાગ નહીં લેવાની અને ઉપરથી અંગ્રેજોને મદદ કરવાની લેખિત બાંયધરીઓ આપી. ૧૯૪૨ની લડત વખતે આંદોલનનો અમે વિરોધ કરીએ છીએ એવો પત્ર લખીને આપ્યો. ગાંધીજીનું આંદોલન કઈ રીતે નિષ્ફળ બનાવી શકાય તેનું અંગ્રેજોને માર્ગદર્શન આપ્યું. ગાંધીજી અને કોંગ્રેસીઓ જ્યારે જેલમાં હતા ત્યારે હિંદુ મહાસભાએ મુસ્લિમ લીગ સાથે મળીને બંગાળ, સિંધ અને સરહદ પ્રાંતમાં સરકાર બનાવી હતી. જનસંઘ/ભાજપના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી બંગાળના નાણાં પ્રધાન હતા.

આઝાદીની લડતની વાત જવા દો. ઈન્દિરા ગાંધીએ દેશ પર ઈમરજન્સી લાદી હતી ત્યારે ઈન્દિરા ગાંધીને તેમના ૨૦ કલમી કાર્યક્રમનું અમે સ્વાગત કરીએ છીએ અને સરકારને મદદ કરવા આતુર છીએ એવો પત્ર કોણે લખ્યો હતો? મહાન દેશભક્ત અને રાષ્ટ્રવાદી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એ સમયના સરસંઘચાલક બાળાસાહેબ દેવરસે. બસ, અમને જેલમાંથી છોડો અમે તમારી સાથે છીએ. વીતેલા યુગનાં ક્ષત્રિયોની ક્યાં વાત કરો છો, તમારા પોતાના વૈચારિક પરિવાર પર એક નજર કરી જુઓ. શૂરવીરતાની મોટી વાતો કરવાની અને શૌર્ય બતાવવાનો વખત આવે ત્યારે મોઢું ફેરવી લેવાનું. પીઠ બતાવવા છતાંય જો નસીબ ખરાબ હોય અને કારસામાં આવીએ તો માફી માગી લેવાની. એક નજર પોતાના ઈતિહાસ પર કરી જુઓ. દરમિયાન રવીન્દ્રનાથ ટાગોરની ‘ઘરેબાહિરે’ નામની નવલકથા વાંચી જવાની મારી ભલામણ છે. એમાં ધગધગતા રાષ્ટ્રવાદીના તકલાદી શૌર્યની વાત કહેવાઈ છે..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

બે જ માર્ગ

ઘણા લાંબા સમયથી પકડદાવની રમત પછી છેવટે ઈ.ડી.એ અરવિંદ કેજરીવાલની ધરપકડ કરી. ઘટનાક્રમ સમજવા જેવો છે, લોકસભાની ચૂંટણી જાહેર થઈ ચૂકી છે. અરવિંદ કેજરીવાલ ચૂંટણીમાં પ્રચાર ના કરી શકે એ માટેનું આ કારસ્તાન છે. મોદી સરકાર વિપક્ષ અને વિરોધીઓ પાછળ આદુ ખાઈને પડી છે. હમણાં જે રીતે ઈ.ડી., આઈ.ટી., સી.બી.આઈ.અને ઈ.સી. (ઈલેકશન કમિશન)નો દુરુપયોગ થઈ રહ્યો છે, એ જગજાહેર છે. કેમ વિરોધીઓ અને વિરોધ પક્ષોના માણસો પર જ ઈ.ડી. અને અન્ય સરકારી સંસ્થાઓના દરોડા પડી રહ્યા છે? ભાજપમાં શું ભ્રષ્ટાચાર નથી? ભાજપનાં લોકો શું દૂધે ધોયેલા છે? “ભાજપ કરે તે લીલા અને બીજા કરે તે ભવાઈ” જેવો ઘાટ છે. મજબૂત કહેવાતી મોદી સરકાર વિરોધીઓથી કેમ આટલી બધી ગભરાઈ છે? આમ આદમી પાર્ટીના દિલ્હીના શિક્ષણ મંત્રી મનિષ સિસોદિયાને કેટલાય વખતથી જેલમાં નાંખી દીધા છે,બીજા આપના મંત્રી સત્યેન્દ્ર જૈન અને સંજયસિંહને પણ જેલમાં પૂરવામાં આવ્યા છે. ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની પણ હમણાં ધરપકડ થઈ છે. મોદી સરકાર વિરુદ્ધ બોલનાર જમ્મુ કાશ્મીરના પૂર્વ ગવર્નર સત્યપાલ મલિકને ત્યાં પણ અને તેમની નજીકનાં લોકોને ત્યાં પણ સીબીઆઈના દરોડા પાડવામાં આવ્યા છે. અત્યારે જેટલો સરકારી સંસાધનોનો દુરુપયોગ થઈ રહ્યો છે, એટલો ભૂતકાળમાં ક્યારેય નથી થયો. એનસીપીના અજીત પવાર પર ભાજપે 70,000 કરોડના કૌભાંડનો આરોપ મૂક્યો, એના થોડા દિવસ પછી જ ભ્રષ્ટાચારી અજીત પવાર સાથે ભાજપે (નાતરું)ગઠબંધન કરી મહારાષ્ટ્રમાં સરકાર બનાવી, એટલું જ નહીં અજીત પવારને નાણાંમંત્રી પણ બનાવવામાં આવ્યા. ભાજપે વિરોધીઓ અને વિપક્ષો માટે બે જ માર્ગ ખુલ્લા રાખ્યા છે, ક્યાં તો ભાજપ જોઈન્ટ કરી લો, (તો તમારા બધા ભ્રષ્ટાચાર અને ગુનાઓ માફ) અથવા જેલમાં જાવ.

સુરત - પ્રેમ સુમેસરા

કોલેજકાળનાં સંસ્મરણો

નજીકના ભૂતકાળમાં પી. ટી. સાયન્સ કોલેજના બાયોલોજી વિષયનાં પ્રાધ્યાપિકા નલિનીબહેન જોગળેકરનું અવસાન થયું. તેમના વિશે એક ચર્ચાપત્ર પણ આવી ગયું છે. પરંતુ આજે તેમની એક ખાસિયત વિશે વાત કરવી છે અને તે એ છે કે તેઓશ્રી ડાબા અને જમણા બંને હાથે લખી શકતા. જો જમણા હાથે લખવાનું ચાલુ કર્યું હોય તો બ્લેક બોર્ડ પર જેવી લીટી પૂરી થાય કે તરત બીજી લીટી ડાબે હાથે લખવાનું ચાલુ કરી દેતાં અને બન્ને હાથે અક્ષર એકસરખા જ નીકળતા. આવી ખાસિયત એમના સિવાય મેં તો અન્ય કોઈમાં જોઈ નથી. તેમના અવસાન નિમિત્તે શોકવ્યથા પ્રકટ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ. તેમની સાથે ,હું ભણતો હતો ત્યારના જાણીતા પ્રોફેસરો સર્વ શ્રી આર. એમ. દેસાઈ સાહેબ, શ્રી બી. જે. ભટ્ટ સાહેબ, શ્રી એન. એમ. ચિનાઈવાળા સાહેબ, શ્રી સોલંકી સાહેબ, શ્રી ડે સાહેબ, શ્રી ડેનિયલ સાહેબ, શ્રી ખેર સાહેબ, શ્રી આર. કે. મપારા સાહેબ, શ્રી પી. ડી. દેસાઈ સાહેબ, શ્રી હેમલતાબહેન કાજી મેડમ, ઉષાબહેન કાજી મેડમ, અંગ્રેજીના વિષય માટે શ્રી આર. એમ. જોશી સાહેબ અને પી. એમ. દેસાઈ વગેરે યાદ આવી ગયાં. સર પી. ટી. સાયન્સ કોલેજના તે સમયના પ્રોફેસરોનો પણ એક જમાનો હતો, દબદબો હતો અને એ અદ્ભુત સમય જીવનભર સાથે વણાઈ ગયેલો છે.

સુરત - સુરેન્દ્ર દલાલ

રજવાડી ઠાઠ

પ્રજાસત્તાક ભારત દેશમાં આજે એંસીથી બ્યાંસી કરોડ દીન દલિતો રહેમ રાહે સરકાર તરફથી મળતા પાંચ પાંચ કિલો માસિક અનાજ પર માંડ જીવનનિર્વાહ કરે છે. આઝાદીનાં છોંત્તેર વર્ષો પછી પણ અમીર ગરીબનો ફેર વધતો જ જાય છે. ધર્મભાવના અને દયા દાનની સુફિયાણી વાતો હાંકતા કરોડપતિઓ, કોર્પોરેટ ગૃહ, સેલીબ્રીટીઝ, રમતવીરો, ફિલ્મ કલાકારો, રાજનેતાઓ, પ્રસંગોપાત જલસા મહેફિલોમાં એવા રજવાડી ઠાઠ દર્શાવે છે કે માનવતાવાદીઓના અંતરાત્મા દુઃખી થઈ જાય છે. વર્ષો અગાઉ કવિ કલાપીએ તેમના કાવ્યમાં અંતરવેદના ઠાલવતાં આવા રજવાડી ઠાઠને વખોડી કાઢી ખૂની ભપકા કહ્યા હતા. તેઓ પોતે સૌરાષ્ટ્રના લાઠી નામના નાનકડા રાજ્યના રાજા હતા,છતાં હૃદયધર્મી કવિયે હતા. આજે ફિલ્મજગતના કલાકારો બેવડું જીવન દર્શાવે છે. ફિલ્મના પરદે ગરીબનું પાત્ર આબેહૂબ દર્શાવે છે અને અંગત જીવનમાં સંગત રજવાડી ઠાઠની રહે છે, સંતાનોને કરોડો રૂપિયાના બંગલા, ગાડી ધરી દે છે, વૈભવ વિલાસી જીવન જીવે છે અને વિદેશોની સહેલ કરતા રહે છે. ટોચના ક્રિકેટરોની જીવનશૈલી પણ એવી જ હોય છે, ભ્રષ્ટાચારી રાજનેતાઓ પરદા પાછળ કરોડો રૂપિયાના ખેલ ખેલે છે. ધર્મધામો ભકિત આસ્થાના નામે લખલૂંટ ધનસંચય કરે છે. પ્રજાલક્ષી કાયદા કાનૂન તેમના ગજવામાં રાખે છે. જો મુઠ્ઠીભર મૂડીવાદીઓ સાચી રાષ્ટ્રભાવનાનો અમલ કરે તો દેશનાં કરોડો નિર્ધનો સુખી થઈ જાય, એટલું જ નહીં, પણ ભારત અમેરિકા જેવા સમૃધ્ધ દેશનેય પછાડી વિશ્વમાં પ્રથમ ક્રમે આવી જાય. નિર્લજ્જ મૂડીવાદને કારણે તો દુનિયામાં સામ્યવાદ, સમાજવાદ જેવી વિચારધારાઓ પાંગરી, હિંસા પ્રગટી, આંદોલનો થયાં, ક્રાન્તિ સર્જાઈ. અત્યારે પણ આપણા દેશમાં આવા રજવાડી ઠાઠનું પ્રદર્શન થતું રહે છે. લગ્ન પ્રસંગોની પહેલાં સગાઈ, પ્રિવેડીંગ જલસાઓ તો ગરીબોના જખ્મો પર મીઠું ભભરાવે છે. દેશ વિદેશથી મોંઘેરાં મહેમાનો મોંઘેરી હવાઈ યાત્રા કરી પધારે છે, લકઝરિયસ હોટલો, મહાલયોમાં જન્નતી મોજમઝા કરે છે, મહેફિલોમાં તો કરોડો રૂપિયા ખર્ચી ગીત સંગીત રેલાય છે તે ધન સંપત્તિ રેલાવાને કારણે બને છે અને ભાતભાતના પકવાન પીરસાય છે તેની બીજી તરફ કરોડો જનોનો જઠરાગ્નિ ભભૂકતો હોય છે. રજવાડી ઠાઠ સાથે ભવ્ય ભવનો, મહેલો કયાંક કવિ આક્રોશ મુજબ જઠરાગ્નિ ત્રાટકશે ત્યારે ખંડેરની ભસ્મકણી પણ નહીં લાધે. ચંદ્ર અને મંગળ પર પહોંચવા થનગની રહેલા વિશ્વ માટે આ ગંભીર ચેતવણી ગણી શકાય. આઝાદી પૂર્વે મહેબૂબ ખાનની ફિલ્મ ‘રોટી’માં મુંબઈના ધનાઢયોની મહેફિલમાંથી ભોજનનો એંઠવાડ કચરાપેટીમાં ઠલવાય છે ત્યારે ફૂટપાથનાં દરિદ્રો તેની પર તૂટી પડતાં દર્શાવાય છે. આવી સ્થિતિ આજે પણ જોવાય તો દેશ માટે કલંકરૂપ ગણાય.

સુરત - યૂસુફ એમ. ગુજરાતી

ન્યાયપાલિકાઓ પર વિશ્વાસ રાખો

વિરોધ પક્ષો દ્વારા નિરંતર સરકારની એજન્સી સંસ્થાઓ પર ચૂંટણી આયોગ પર તેમજ દેશની ન્યાયપાલિકાઓ પર અયોગ્ય રીતે સ્વાર્થ સિધ્ધ કરવાના હેતુથી દુરુપયોગ થાય છે એવા આક્ષેપો કર્યા છે અને કરી રહ્યા છે. હાલમાં જ મની લોન્ડરીંગ કેસમાં આમઆદમી પાર્ટીના વરિષ્ઠ સભ્ય સંજયસિંહને 6 મહિના પછી કોઈ ચોક્કસ પુરાવા નહીં મળતાં અને ઈડી વિભાગ દ્વારા કોઈ વિરોધ નહીં નોંધાવતાં સુપ્રીમ કોર્ટે તેમના જામીન મંજૂર કર્યા હતા. ટૂંકમાં જે વ્યકિત નિર્દોષ છે અને ન્યાયપાલિકા પર શ્રદ્ધા વિશ્વાસ રાખે છે તે સજામુકત થવાનો જ છે પરંતુ જે દોષી છે અને પોતાના બચાવ માટે સરકારી એજન્સીઓ પર અયોગ્ય આરોપો મૂકે છે જેને ન્યાયપાલિકા પર વિશ્વાસ નથી અને પ્રાપ્ત પુરાવા હોય તો સંપૂર્ણ સજાને યોગ્ય છે. તમે નિર્દોષ છો? તો પછી ભય કેમ? તમે ન્યાયપાલિકા પર વિશ્વાસ રાખો એ યોગ્ય ન્યાય કરશે અને તમને કલીનચીટ આપશે જ.

સુરત - રાજુ રાવલ

મોતની કિંમત

ઈરાનના હુમલાને નિષ્ફળ કરવામાં ઈઝરાયેલને એક જ દિવસમાં 8,000 કરોડનો ખર્ચ થયો. તેની એક જ મિસાઈલ 25 કરોડની હતી. વિચાર કરોઃ દુનિયામાં જીવ બચાવવા અને જીવ લેવા પાછળ કેટલો ખર્ચો થાય છે? માની લીધેલી વિચારધારાના રક્ષણ કે વિનાશ માટે આત્યંતિક બની સત્તાવાર કે બિનસત્તાવાર રીતે મોતની મજલીસ જમાવનારાઓ ક્યારેય આ વિચાર કરે છે ખરા? આજનો માનવી જે રીતે લોહીતરસ્યો થાય છે તે 21મી સદીમાં વાજબી ઠેરવી શકાય? સર્જનહારની કલ્પના કર્યા પછી પોતાની માન્યતા સાચી છે એવી પ્રાણઘાતક જીદ માનવીએ ક્યારથી શરૂ કરી? સર્જનહારની પોતાની માન્યતા માટે બીજાની જિંદગીનું વિસર્જન કરનાર માનવી સિવાય બીજું કોઈ પ્રાણી છે? સર્જનહાર છે તો તે બીજાના વિસર્જનની પ્રેરણા કેવી રીતે આપી શકે? નામ - રૂપ અલગ હોઈ શકે, પણ દરેક ધર્મમાં વાત તો એક જ ઈશ્વરની છે ,એમાં કયો ભગવાન મોટો એવો વિવાદ કેવી રીતે આવી શકે? દુનિયાના રક્તસ્નાનના ઘણા બનાવો જુઓ તો તેમાં આ વિવાદ રહેલો છે. સત્તા કે સંપત્તિ આ વિવાદની આડપેદાશ છે. 21મી સદીમાં આ ભૂતકાળની બાબત બની જવી જોઈએ.

સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન